Notice is hereby given to the public in general and in particular to the Borrower(s)/Partner(s)/Mortgagor(s)/Guarantor(s) that, the Authorized Officer(s) of HDFC BANK LTD. had taken physical possession of the following property/ies mentioned, pursuant to demand raised vide notice(s) issued under Sec 13(2) of the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 in the following loan accounts with right to sell the same on "AS IS WHERE IS, AS IS WHAT IS, WHATEVER IS THERE IS AND WITHOUT RECOURSE BASIS" for realization of Bank's dues plus interest as detailed hereunder and whereas consequent upon failure to repay the dues, the undersigned in exercise of power conferred under Section 13(4) of the said Act read with Rule 8 of the said Rules proposes to realize the Bank's dues by sale of the said property/ies. The sale of the below-mentioned Properties shall be conducted by way of E-Auction through Web Portal: https:// https://www.bankeauctions.com.

| Name of the Branch & Account | Details of Property | R.Price EMD Bid Inc.Amt. | Date / Time of e-Auction | Name of Authorised Officer /Ph. No. / Email ID |
|---|---|---|---|---|
| HDFC Bank Ltd. **Branch:** Veraval, **A/c Name:** M/S SUGAM, **A/C No.** 50200006384991, 85457417, 85457418 & 8182983 | **Property 1:** A Land Sq. Mt. 132.85 of Plot No.10/B Paiki (Southern Side) and construction there on of N.A. Land of S.No.200/1, T.P. Scheme No.2, LAST Khand No.15 Situated at Northern side of Dolat press and Kalyan Housing Society, Western Side of Krushna Cotton press in the city Veraval. Belongs to Mrs. Parulben Prabhdasbhai Chomal. Land Area: Sq.Mts. 132.85. **Boundaries are as follows:** North: Bheni Land of Plot No.10-B Paiki (Jalaram Kutir), South: Lagu Plot No.9-B (Open Plot), East: 25 feet wide Road, West: Land of lagu Plot No.10-2 Paiki (House of Harsukhbhai). | **For Property 1:** Rs.84,50,000/- Rs.8,45,000/- Rs.1,00,000/- | **17.08.2026**, 12.00 PM to 01.00 PM; **Last Date for Receipt of Bids** **16.08.2026** Up to 05.00 PM | **Nitingiri Goswami / 9624805555 / Nitingiri.goswami @hdfc.bank.in** |
| **Name of the Mortgagor & Guarantors of the Property**: **1. M/S SUGAM** (Borrower) (Proprietor, Mortgagors & Guarantors), **1. Mr. Vinodbhai Ratanshi Chomal** (Proprietor & Guarantor), **2. Mrs. Nitaben Vinodbhai Chomal** (Guarantor), **3. Mrs. Parulben Prabhudas Chomal**, (Guarantor & Mortgagor), **4. Mr. Prabhudas Ratanshi Chomal** (Guarantor & Mortgagor) | **Property 2:** Residential Land of Plot No.63, Sq. Mtr 104.05 with construction then on of, N.A. Land R.S. No. 364 and 365 of Veraval City Belongs Mr. Prabhudas Ratanshi Chomal. Land Area: 104.05 Sq.Mts. **Boundaries are as follows:** North: Plot No.58, South: Plot No.77, East: Plot No.64, West: 6-10 Mtr. Widen Road. | **For Property 2:** Rs.31,00,000/- Rs.3,10,000/- Rs.25,000/- | **Inspection Date and Time** **07.08.2026**, 12:00 P.M. to 02:00 P.M | |
| **Demand Notice Date:** 15th June 2024 | **Amount as per Demand Notice: Rs.1,21,31,098.00/-** Dues as on 31.05.2024 inclusive of interest with further interest @18% p.a. with monthly from 1st June 2024 till the date of full and final payment under the Credit facilities availed. | | | |

**TERMS & CONDITIONS:**

1. The e-Auction is being held on "AS IS WHERE IS, AS IS WHAT IS, WHATEVER IS THERE IS AND WITHOUT RECOURSE BASIS" 2. The interested bidders shall submit their EMD details and documents through Web Portal: **https://www.bankeauctions.com** (the user ID & Password can be obtained free of cost by registering name with **https://www.bankeauctions.com)** through Login ID & Password. The EMD shall be payable EITHER through NEFT / RTGS in the following **Account:** 57500000904261, **Name of the Account:** DFSO Transitory account, **Name of the Beneficiary:** HDFC BANK LTD., **IFSC Code:** HDFC0000240. Please note that the Cheques / Demand Drafts shall not be accepted as EMD amount. 3. To the best of knowledge and information of the Authorized Officer, there is no encumbrance i.e. statutory dues like property taxes, society dues etc as per Banks's record on the property. however there is no stay/injunction obtained by the borrower/mortgagor for sale of the same. The Bank however shall not be responsible for any present/past/future outstanding non-statutory dues /statutory dues/encumbrances/tax arrears/litigations, if any. The intending bidders should make their own independent inquiries regarding the encumbrances, title of property/ies & to inspect & satisfy themselves. **Property can be inspected strictly on the above mentioned date and time.** 4. The intended bidders who have deposited the EMD and require assistance in creating Login ID & Password, uploading data, submitting bid, training on e-bidding process etc., may contact our service provider **M/s. C1 India Pvt. Ltd.**, 3rd Floor, Plot No. 68, Sector 44, Gurgaon, Haryana-122003. **Support Mobile No.** : 7291981124/1125/1126, **Mr. Bhavik Pandya Mobile : 08866682937**. **e-mail ID:** support@bankeauctions.com/gujarat@c1india.com. Help line Email ID: support@bankeauctions.com. and For any property related query may contact the concerned **Authorized officer of the Bank Mr. Nitingiri Goswami (Mobile-9624805555), E Mail- nitingiri.goswami@hdfcbank.com** in office hours during the working days. **(09.30AM to 05.30 PM).** 5. The highest bid shall be subject to approval of **HDFC Bank Limited.** Authorized Officer reserves the right to accept/ reject all or any of the offers/ bids so received, or cancel the auction/sale without assigning any reasons whatsoever. His decision shall be final & binding. 6. (FOR DETAILED TERM AND CONDITIONS PLEASE REFER TO OUR WEBSITE **www.hdfcbank.com and www.bankeauctions.com).**

**STATUTORY 30 DAYS SALE NOTICE UNDER RULE 8(6) OF THE SARFAESI ACT, 2002**

This may also be treated as notice under Rule 8(6) read with Rule 9(1) of Security Interest (Enforcement) Rules, 2002 to borrowers/ and Guarantors of the above said loan about the holding of E-Auction Sale on the abovementioned date. The borrower/ guarantors/mortgagors are hereby notified to pay the sum as mentioned above along with upto dated interest and ancillary expenses after 15 days of this notice/ 15 day before the date of Auction, failing which the property will be auctioned/ sold and balance dues, if any, will be recovered with interest and cost. **Sd/-**

**Date : 15.07.2026, Place : Rajkot** — **Authorized Officer, HDFC Bank Ltd.**

---

# Tamilnad Mercantile Bank Limited

TMB Tamilnad Mercantile Bank Ltd — Be a step ahead in life
CIN – L65110TN1921PLC001908
**VAPI BRANCH**
**Aamir Complex, GIDC Char Rasta, Vapi-Silvassa Road, Vapi-396191, Valsad District, Gujarat.**
**Email :vapi@tmbank.in Phone :0260-2423999-8141633399**

## Sale Notice for Sale of Immovable Properties

**Auction Sale Notice for Sale of Immovable Assets mortgaged / charged to the Bank under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 read with proviso to Rule 8 (6) and 9 (1) of the Security Interest (Enforcement) Rules, 2002.**

Notice is hereby given to the public in general and in particular to the Borrower of **M/s. Raj Industries Proprietor: Mr.Riyaz Liyakbhai Mobhani S/o Liyakatbhai Mobhani and Guarantor- 1 Mrs.Reshma Riyaz Mobhani W/o Riyaz Liyakatbhai Mobhani, 2.Mr.Amir Liyakat Mobhani S/o Liyakatbhai Mobhan**i that the below described immovable properties mortgaged/charged to the Secured Creditor, the Symbolic Possession of which has been taken by the Authorised Officer of Tamilnad Mercantile Bank Limited, Vapi Branch, will be sold **"As is where is", "As is what is", and "Whatever there is" on 31-07-2026** for recovery of **Rs.19,59,619.44 as on 30-06-2026 {i.e., Overdraft for Rs.17,94,260.23 plus Expenses Rs.1,34,480.59 and Term Loan for Rs.30,809.00 plus Expenses Rs.69.62}** plus subsequent interest and expenses due to the Tamilnad Mercantile Bank Limited, Vapi Branch.

The reserve price will be **Rs. 10,65,000/-** and the Earnest Money Deposit will be **Rs.1,06,500/-.**

| | |
|---|---|
| **Place of Submission of EMD and Auction :** | **Tamilnad Mercantile Bank Ltd** Vapi Branch, Ground Floor, Aamir Complex, G.I.D.C. Char Rasta, Vapi-396195 |
| **Date and Time of Auction Sale** | **31-07-2026 at 11.00 A.M** |
| **Upset Price** | **Rs. 10,65,000/-** |
| **Earnest Money Deposit** | **Rs. 1,06,500/-** |

**Description of the Property**

1. On EQM of Residential flat at "PARIVAR APARTMENT" wing –B, flat No 302 admeasuring 800 Sq.ft (super builtup area) situated on the 3rd Floor, Survey No.471/A/paikee 7, at Village, Dungra Tal.Vapi., Dist –Valsad, Gujarat standing in the name of **Mr.Riyaz Liyakatbhai Mobhani**. **Boundaries** North – By Open Space, East – By Flat No.303, South – By Flat No.301, West – By Open Space

**Note:** The above properties are common for the TMB-LAP Loan (A/c no. 391700480100085) outstanding for Rs.14,83,677.52 plus expenses of Rs.53,018.82 as on 30-06-2026 availed in the name of **Mr.Riyaz Liyakatbhai Mobhani and Mrs. Reshma Riyaz Mobhan**i and also common for credit Limits availed by **M/s.Raj Poly Plast** outstanding for total amount of Rs.29,60,005.77 as on 30-06-2026 {i.e. Cash Credit (A/c no.391700150950019) outstanding for Rs.15,78,129.47 plus expenses for Rs.77,782.30 and GECL-TL(391700480100075) limit outstanding of Rs.13,04,094.00} with subsequent interest and expenses.

**For detailed terms and conditions of the sale, please refer to the link provided in secured creditors website (www.tmb.bank.in)**

**Authorised Officer**
**Place: Vapi** — **Tamilnad Mercantile Bank Ltd**
**Date: 14.07.2026** — **(For Vapi Branch )**

### કેન્દ્ર સરકાર એક અત્યંત મહત્વાકાંક્ષી પ્રસ્તાવ પર ગંભીરતાથી વિચારણા કરી રહી છે

# હવે બેંકના લોકરમાં સોનું વ્યાજ કમાઈ આપશે

### પ્રથમ તબક્કામાં ઘરોમાંથી આશરે ૨૦૦ ટન સોનું સત્તાવાર માર્કેટ અને બેંકિંગ સિસ્ટમમાં પાછું લાવવાનો લક્ષ્યાંક



નવીદિલ્હી,તા.૧૪

ભારતીય પરિવારોના લોકર્સ અને તિજોરીઓમાં વર્ષોથી બંધ પડેલા સોનાનો ઉપયોગ હવે દેશના અર્થતંત્રને એક નવી ગતિ આપવા માટે કરવામાં આવી શકે છે. ઘરોમાં વણવપરાયેલા પડેલા આ સોનાને ફરીથી માર્કેટમાં લાવવા માટે કેન્દ્ર સરકાર એક અત્યંત મહત્વકાંક્ષી પ્રસ્તાવ પર ગંભીરતાથી વિચારણા કરી રહી છે. સરાફા એસોસિએશનો દ્વારા તૈયાર કરાયેલા આ ખાસ બ્લુપ્રિન્ટને 'ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ ૨.૦' નામ આપવામાં આવ્યું છે. જો આ યોજના અમલી બનશે તો દેશના ગોલ્ડ માર્કેટનું ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ જશે અને સામાન્ય ગ્રાહકોને પણ તેનો મોટો ફાયદો થશે.

સરાફા સંગઠનો દ્વારા સરકારને સોંપવામાં આવેલા પ્રસ્તાવ મુજબ, આ યોજનાના પ્રથમ તબક્કામાં દેશના ઘરોમાંથી આશરે ૨૦૦ ટન સોનું સત્તાવાર માર્કેટ અને બેંકિંગ સિસ્ટમમાં પાછું લાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જો આ સ્થાનિક સોનું સિસ્ટમમાં આવી જશે, તો ભારતની વિદેશથી થતી સોનાની આયાત પરની નિર્ભરતા ઘણી ઓછી થઈ જશે. જેના કારણે દેશનું અબજો ડોલરનું વિદેશી હૂંડિયામણ બચાવી શકાશે, જે આર્થિક દ્રષ્ટિએ મોટો માસ્ટરસ્ટ્રોક સાબિત થઈ શકે છે.

આ અગાઉ પણ સરકાર ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ લાવી હતી, પરંતુ લોકો સોનું લઈને સીધા બેંકમાં જતાં અચકાતા હતા અને પ્રક્રિયા જટિલ હતી. આ વખતે આ ખામીને દૂર કરીને પ્રક્રિયાને એકદમ સરળ અને વ્યવહારુ બનાવવાનો પ્રસ્તાવ છે. નવા નિયમ મુજબ, ગ્રાહકે પોતાના જૂના દાગીના લઈને બેંકમાં જવાની જરૂર નહીં પડે, પરંતુ તેઓ પોતાના નજીકના રજિસ્ટર્ડ સરાફા વેપારીપાસે જઈ શકશે. જ્વેલર આ સોનાને ઓગળાવીને તેની શુદ્ધતા નક્કી કરશે અને તેને બેંકમાં જમા કરાવશે.ત્યારબાદ, જમા કરાયેલા સોનાના મૂલ્ય જેટલી જ 'ગોલ્ડ યુનિટ્સ' ગ્રાહકના બેંક ખાતામાં જમા કરી દેવામાં આવશે. આજની નવી પેઢીને પરંપરાગત ભારે દાગીનાને બદલે લેટેસ્ટ અને ટ્રેન્ડી લાઈટવેઈટ જ્વેલરી વધુ પસંદ આવે છે. આ સ્કીમ દ્વારા લોકો ઘરમાં રાખેલા જૂના ઘરેણાંની સાચી કિંમત મેળવી શકશે અને સહેલાઈથી નવી ડિઝાઈન ખરીદી શકશે. બીજી તરફ વેપારીઓને પણ ઉત્પાદન માટે સસ્તો કાચો માલ મળી રહેશે.

ઘણા લોકો ટેક્સ અને ઈનકમ ટેક્સ ની નોટિસના ડરથી પોતાનું સોનું બહાર લાવતા ડરે છે, પરંતુ આ યોજનામાં સંપૂર્ણ પારદર્શિતા રાખવાની ખાતરી અપાઈ રહી છે. પ્રવર્તમાન નિયમો અનુસાર, ઘરમાં ચોક્કસ મર્યાદામાં સોનું રાખવા પર કોઈ પૂછપરછ થતી નથી. નિયમ મુજબ પરિણીત મહિલાઓ પોતાના ઘરમાં ૫૦૦ ગ્રામ સુધી, અપરિણીત યુવતીઓ ૨૫૦ ગ્રામ સુધી અને પુરુષો ૧૦૦ ગ્રામ સુધી સોનું રાખી શકે છે. જોકે, આ અંગેનો અંતિમ નિર્ણય સરકારી નીતિઓ અને કાયદાકીય પરિસ્થિતિઓ પર આધારિત રહેશે.

### ચીને પાકિસ્તાન સહિત ઘણા દેશોને નોંધપાત્ર લોન આપી

# ચીન દ્વારા હવે લોન ડોલરમાં નહીં યુઆનમાં પરત કરવાની માગણી કરાશે



નવી દિલ્હી, તા.૧૪

ઘણા આફ્રિકન દેશો ચીન પાસેથી લોન લઈને ફસાયેલા છે. ચીન હવે યુઆનમાં લોન પરત કરવાની માંગ કરી રહ્યું છે. ચીનની આ કવાયતમાં કેન્યા સંમત થાય તેવું લાગે છે. આ પ્રયાસ ડોલરના વર્ચસ્વને સમાપ્ત કરવાનો છે. તેની અસર ભારતમાં પણ અનુભવાઈ શકે છે.

ચીન વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. તેણે પાકિસ્તાન સહિત ઘણા દેશોને નોંધપાત્ર લોન આપી છે. ઘણા આફ્રિકન દેશો પણ તેના દેવાના બોજ હેઠળ દબાયેલા છે. હવે, ચીન ચીની ચલણ યુઆનમાં તેની લોન પરત કરવાની માંગ કરી રહ્યું છે. વૈશ્વિક વેપારમાં યુએસ ડોલરનું વર્ચસ્વ ઘટાડવા માટે ચીન દ્વારા આને એક નવી યુક્તિ તરીકે જોવામાં આવી રહ્યું છે., કેન્યાએ તેના ચીની દેવાનો એક ભાગ ડોલરથી યુઆનમાં ચૂકવવાનો નિર્ણય લીધો છે. નિષ્ણાતો આને આંતરરાષ્ટ્રીય બજારમાં મોટા પરિવર્તનની શરૂઆત માને છે. આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહેલા દેશો હવે ડોલરની પકડમાંથી છટકી જવાના રસ્તાઓ શોધી રહ્યા છે. જો ભારત પણ યુઆનમાં વેપાર કરે છે, તો તેના ફાયદા અને ગેરફાયદા બંને હોઈ શકે છે.છેલ્લા ૨૦ વર્ષોમાં, આફ્રિકન દેશોએ ચીન પાસેથી ૧૫૦ થી ૧૮૦ બિલિયન ડોલર જેટલી લોન લીધી છે. જ્યારે વિશ્વ બેંક જેવી સંસ્થાઓ કડક નિયમો અને નિયમો લાદી રહી હતી, ત્યારે ચીને ઝડપથી અને મુક્તપણે આ દેશોને મોટી રકમ પૂરી પાડી હતી. અંગોલા, ઈથોપિયા, કેન્યા, ઈજિપ્ત અને નાઈજીરીયા જેવા દેશોએ આ પૈસાથી રેલ્વે, એરપોર્ટ અને પાવર ડેમ બનાવ્યા, પરંતુ હવે મુશ્કેલી શરૂ થઈ ગઈ છે.

## બિઝનેસ આજકાલ

### ઓટોમેટેડ પાર્કિંગ સોલ્યુશન્સ ક્ષેત્રે ૮૯.૭૬ કરોડનું ભંડોળ એકત્ર કરશે

મુંબઈ: રોબોટિક અને ઓટોમેટેડ પાર્કિંગ સોલ્યુશન્સ પ્રોવાઈડર સોટેફિન ભારત લિમિટેડએ ભારતમાં સ્માર્ટ પાર્કિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વધતી માગને પહોંચી વળવા માટે મોટા પાયે વિસ્તરણની જાહેરાત કરી છે. કંપની મૂડી બજાર દ્વારા ૮૯.૭૬ કરોડ (અપર બેન્ડ પર)નું મૂડીરોકાણ મેળવવા જઈ રહી છે. રોબોટિક અને ઓટોમેટેડ પાર્કિંગ સોલ્યુશન્સના ટર્નકી પ્રોવાઈડરે ૧૬ જુલાઈના રોજ તેની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ ખોલવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેનું લક્ષ્ય બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટેડ થનારા શેર સાથે ૮૯.૭૬ કરોડ (અપર પ્રાઈઝ બેન્ડ પર) એકત્ર કરવાનો છે. ઉત્પાદન સુવિધા અને નવા ઓપરેશનલ કચેરી પરિસરના નિર્માણ માટે કરાશે.

### પ. એશિયા યુદ્ધને પગલે દુબઈમાં રહેઠાણ વેચાણમાં ૧૬ ટકા ઘટાડો

મુંબઈ : પશ્ચિમ એશિયા યુદ્ધની દૂબઈની રહેઠાણ માર્કેટ પર પ્રતિકૂળ અસર જોવા મળી રહી છે. ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં દૂબઈમાં ૨૨૫.૭૦ અબજ દીરહામના સોદા થયા છે જે વાર્ષિક ધોરણે ૧૬ ટકા નીચા છે. ભૌગોલિકરાજકીય તાણે દૂબઈમાં રહેઠાણ ખરીદનારાઓની માનસિકતા પર અસર કરી છે અને માર્ચ તથા એપ્રિલમાં વેચાણ પર અસર પડી છે. જો કે આ અસર લાંબા ગાળાની નથી પરંતુ કામચલાઉ છે એમ એક રિપોર્ટમાં જણાવાયું છે. ફેબ્રુઆરીથી એપ્રિલના ગાળામાં રહેઠાણ કિંમતમાં ૪-૭ ટકા ઘટાડો નોંધાયો છે. જો કે આની સામે ડીએફએમ રિઅલ એસ્ટેટ સ્ટોક ઈન્ડેક્સની કામગીરી ઘણી નબળી રહી છે.

### IDBI બેંકના ખાનગીકરણના પ્રસ્તાવને સરકાર મંજૂરી આપશે?

નવીદિલ્હી : ભારત સરકાર પ્રેમ વત્સાના ફેરફેક્સ ફાઈનાન્શિયલ હોલ્ડિંગ્સ દ્વારા બેંકનું ખાનગીકરણ કરવાની ઓફર સ્વીકારવાની નજીક છે. સૂત્રો સૂચવે છે કે આ સોદો અગાઉ ઓફર કરાયેલા ભાવ કરતાં વધુ સારી કિંમતે થઈ શકે છે. ફેરફેક્સની શરૂઆતની બિડ સરકારે નકારી કાઢી હતી કારણ કે તે સરકારે નક્કી કરેલા અનામત ભાવથી નીચે આવી ગઈ હતી. હવે, અહેવાલો સૂચવે છે કે ફેરફેક્સ તેની પ્રતિ-શેર બિડમાં થોડા રૂપિયાનો વધારો કરવા તૈયાર છે, આ બાબતથી પરિચિત લોકોએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું. જોકે, સરકાર કે ફેરફેક્સ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

### NBCCને રાજસ્થાન સરકાર, BEL અને PFCના ચાર પ્રોજેક્ટ મળ્યા

નવીદિલ્હી: મહારત્ન કંપની NBCC (ઈન્ડિયા) લિમિટેડને આશરે ૫૦૧.૪૫ કરોડના ચાર નવા ઓર્ડર મળ્યા છે. આ ઓર્ડર રાજસ્થાન સરકાર, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ અને પાવર ફાઈનાન્સ કોર્પોરેશન તરફથી આવ્યા છે. કંપનીનો સ્ટોક દબાણ હેઠળ છે. નવા પ્રોજેક્ટ્સને કંપનીની ઓર્ડર બુકને મજબૂત બનાવવાના સંકેત તરીકે જોવામાં આવે છે. ઓર્ડરની વાત કરીએ તો, કંપનીનો પહેલો ઓર્ડર રાજસ્થાન સરકાર તરફથી આવ્યો હતો. NBCC ને રાજસ્થાન સ્કૂલ એજ્યુકેશન કાઉન્સિલ તરફથી ૪૩૦.૬૯ કરોડનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો, જે કુલ ઓર્ડર મૂલ્યના આશરે ૮૬%નું પ્રતિનિધિત્વ કરે છે.

### નેત્રંગ તા.પંચાયતની સત્તાની લડાઈમાં પેટાચૂંટણી નિર્ણાયક બનશે, બિલોઠી બેઠક માટે ત્રિપાંખિયો જંગ

# ભાજપ, આપ અને કોંગ્રેસના ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા: ૨૮ જુલાઈએ મતદાન

### આમ આદમી પાર્ટીના ચૂંટાયેલા ઉમેદવારના અચાનક મોતથી સત્તા કબ્જે કરવાની લડાઈ તેજ બની



ભરૂચ,તા.૧૪

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામ બાદ નેત્રંગ તાલુકા પંચાયતમાં સત્તા મેળવવાની રાજકીય ખેંચતાણ હવે વધુ તેજ બની છે. સ્પષ્ટ બહુમતી ન મળતાં શરૂ થયેલી સત્તાની આંટીઘૂંટી વચ્ચે બિલોઠી બેઠકના આમ આદમી પાર્ટીના ચૂંટાયેલા સભ્ય ગુણવંત પીંચાભાઈ વસાવાના અવસાનથી સમગ્ર રાજકીય સમીકરણ બદલાઈ ગયું હતું. નેત્રંગ તાલુકા પંચાયતની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને ૮ બેઠકો, ભાજપને ૭ બેઠકો અને કોંગ્રેસને ૧ બેઠક મળી હતી, જેના કારણે ત્રિશંકુ સ્થિતિ સર્જાઈ હતી. ત્યારબાદ કોંગ્રેસના એકમાત્ર ચૂંટાયેલા મહિલા સભ્યના સમર્થનથી ભાજપે તાલુકા પંચાયતની સત્તા હાંસલ કરી હતી.હવે બિલોઠી બેઠકની પેટાચૂંટણી સત્તાના સમીકરણો માટે મહત્વપૂર્ણ બની છે. આ બેઠક માટે ભાજપ, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે સીધો ત્રિપાંખિયો મુકાબલો સર્જાયો છે. ભાજપ તરફથી કાંતિલાલ વસાવા, આમ આદમી પાર્ટી તરફથી પ્રવીણ વસાવા અને કોંગ્રેસ તરફથી રણજીત વસાવાએ ઉમેદવારીપત્ર ભર્યા છે. ઉમેદવારી પ્રક્રિયા પૂર્ણ થતાં હવે ત્રણેય પક્ષો દ્વારા પ્રચારની તૈયારીઓ શરૂ કરવામાં આવશે. આગામી દિવસોમાં આ બેઠક પર રાજકીય ગરમાવો વધવાની શક્યતા છે, કારણ કે પેટાચૂંટણીનું પરિણામ નેત્રંગ તાલુકા પંચાયતના ભવિષ્યના રાજકીય સંતુલન માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. ચૂંટણી કાર્યક્રમ મુજબ ૨૮ જુલાઈના રોજ મતદાન યોજાશે, જ્યારે ૩૦ જુલાઈના રોજ મતગણતરી હાથ ધરાશે. પેટા ચૂંટણીમાં મતના આધારે પ્રજાનો સહકાર કોને ફાળે જાય તે જોવું રહ્યું પણ આ બેઠક તમામ રાજકીય પક્ષોની આબરૂ સમાન ગણવામાં આવી રહી છે, જેથી રાજકીય પક્ષોની નજર બિલોઠી બેઠકના પરિણામ પર કેન્દ્રિત થઈ છે અને જીત મેળવવાની દોડ શરૂ થઈ છે.

### વરસાદી વિરામ બાદ ભરૂચના ધરતીપુત્રો ખેતરોમાં વ્યસ્ત

# ચોમાસું પાકના વાવેતરની શરૂઆત બજારોમાં ખરીદીનો ધમધમાટ

ભરૂચ,તા.૧૪

અલનીનોની અસર વચ્ચે લાંબી રાહ જોવડાવ્યા બાદ આખરે મેઘરાજાએ ભરૂચ જિલ્લામાં મહેર વરસાવતા ખેડૂતોના ચહેરા પર ખુશી છવાઈ છે. ચોમાસાની વિધિવત શરૂઆત થતાં જ જિલ્લાના ગામડાઓમાં ખેતીવિષયક કામગીરીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. વરસાદે થોડા દિવસ માટે વિરામ લેતા જ ધરતીપુત્રો ચોમાસુ પાકોના વાવેતર માટે ખેતરોમાં જોતરાઈ ગયા છે. ચાલુ વર્ષે ઉનાળામાં ગરમીનો પારો ઊંચો રહેતા અસહ્ય ઉકળાટથી લોકો પરેશાન બન્યા હતા. ખાસ કરીને ખેડૂતો વરસાદની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. દરમિયાન વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ સર્જાતા લોકોને ગરમીમાંથી રાહત મળી હતી. જોકે ચોમાસાની શરૂઆત નિર્ધારિત સમય કરતાં થોડા દિવસ મોડેથી થઈ હતી, પરંતુ શરૂઆતના સારા વરસાદથી ખેડૂત વર્ગમાં નવી આશા જાગી છે.

ભરૂચ જિલ્લાના તમામ તાલુકાઓમાં હાલ ચોમાસુ ખેતીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ખાસ કરીને નેત્રંગ તાલુકામાં વરસાદના આગમન બાદ ખેતરોમાં ખેડાણ, બીજ વાવણી અને અન્ય ખેતીકાર્યો પૂરજોશમાં ચાલી રહ્યા છે. વરસાદી વિરામનો લાભ લઈ ખેડૂતો મગફળી, કપાસ, તુવેર સહિતના ચોમાસુ પાકોના વાવેતરમાં લાગી ગયા છે.બીજી તરફ જિલ્લામાં આવેલા બજારોમાં પણ ખેતીલાયક વસ્તુઓની ખરીદીમાં તેજી જોવા મળી રહી છે. બિયારણ, ખાતર, ખેતીના સાધનો સહિતની વસ્તુઓની માંગ વધી છે. સાથે સાથે વરસાદી મોસમને ધ્યાનમાં રાખી નળિયાવાળા મકાનોમાં પાણી ટપકતું અટકાવવા માટે ઉપયોગમાં લેવાતી પ્લાસ્ટિકની તાડપત્રી, છત્રી અને રેઈનકોટ જેવી ચોમાસુ સામગ્રીનું વેચાણ પણ વધ્યું છે.

### જિલ્લા રોજગાર કચેરી, ભરૂચ ખાતે આજે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો યોજાશે

ભરૂચ,તા.૧૪

ભરૂચ જિલ્લાના બેરોજગાર યુવા ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તકો પૂરી પાડવાના હેતુથી જિલ્લા રોજગાર કચેરી, ભરૂચ દ્વારા આગામી તા. ૧૫/૦૭/૨૦૨૬ના રોજ ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો યોજાવા જઈ રહ્યો છે. આ ભરતી મેળો સવારે ૧૧:૦૦ કલાકે 'જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ભરૂચ' ખાતે આયોજિત કરવામાં આવનાર છે. આ મેળામાં ડી-માર્ટ (ભરૂચ) અને મેકલિયોડ્સ ફાર્માસ્યુટિકલ લિમિટેડદહેજ દ્વારા વિવિધ જગ્યાઓ માટે સીધી ભરતી કરવામાં આવશે તેમ જિલ્લા રોજગાર અધિકારી દ્વારા જણાવવામાં આવ્યુ છે. એસેસસી / એચએસસી પાસ,બી.કોમ , બી.એસસ / એમ.એસસી – કેમેસ્ટ્રી,બી.ફાર્મ / એમ.ફાર્મ),બી.ઈ / બી.ટેક, ડિપ્લોમા કેમિકલ, આઈ.ટી.આઈ – એ.ઓ.સી.પી આ ભરતી મેળામાં ભાગ લેવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો લાયક ઠરશે.

### પાઇપલાઇનના નામે વાગરા તાલુકાના ખેડૂતોની જમીન પર 'વપરાશી હક'ની નોંધ સામે વાગરાના ખેડૂતોનો તંત્ર સામે આક્રોશ

# નોટિસ નહીં, સુનાવણી નહીં, સંમતિ નહીં છતાં ૭/૧૨માં એન્ટ્રી કર્યાનો આક્ષેપ

ભરૂચ, તા.૧૪

વાગરા તાલુકાના વેંગણી, કલાદરા અને કોલિયાદ ગામના ખેડૂતોની જમીનોમાં પાઈપલાઈન માટે દાખલ કરવામાં આવેલી 'Right of User' (વપરાશી હક)ની નોંધને લઈને મોટો વિવાદ ઉભો થયો છે. ખેડૂતોનો આક્ષેપ છે કે કાયદેસરની પ્રક્રિયાનો ભંગ કરી તેમની જાણ બહાર રેવન્યુ રેકોર્ડમાં નોંધ કરી દેવામાં આવી છે. ખેડૂતોના જણાવ્યા મુજબ જમીનના ૭/૧૨ ઉતારાના બીજા હક્કમાં વપરાશી હકની અચાનક એન્ટ્રી કરવામાં આવી છે, પરંતુ આ પહેલાં તેમને કોઈ વ્યક્તિગત નોટિસ આપવામાં આવી નથી, વાંધા રજૂ કરવાની તક આપવામાં આવી નથી કે જાહેર સુનાવણી પણ યોજાઈ નથી. એટલું જ નહીં, જમીન ઉપયોગ અંગે કોઈ લેખિત સંમતિ કે વળતર અંગે પણ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

ખેડૂતોએ તંત્ર સામે સીધો સવાલ કર્યો છે કે જ્યારે આજદિન સુધી જમીનમાં પાઈપલાઈન નાખવામાં આવી નથી, જમીનનો કબજો ખેડૂતો પાસે જ છે, તો પછી રેકોર્ડમાં વપરાશી હકની નોંધ કયા આધારે દાખલ કરવામાં આવી તે તપાસનો વિષય છે. ખેડૂતોનું કહેવું છે કે જમીન માલિકોના મૂળભૂત હકો સાથે જોડાયેલા આવા ગંભીર નિર્ણયમાં પારદર્શક પ્રક્રિયા જરૂરી હતી. તેમણે બંધારણની કલમ ૧૪ અને ૩૦૦(એ), કુદરતી ન્યાયના સિદ્ધાંતો તેમજ Paroleum and Minerals Pipelines (Acquisition of Right of User in Land) Act, ૧૯૬૨ની જોગવાઈઓનો ઉલ્લેખ કરી સમગ્ર પ્રક્રિયાને શંકાસ્પદ ગણાવી છે. ખેડૂતોએ જિલ્લા કલેક્ટર સમક્ષ કડક માંગ કરી છે કે 'Right of User' નોંધ દાખલ કરવાની સંપૂર્ણ પ્રક્રિયાની ઉચ્ચસ્તરીય તપાસ કરવામાં આવે, કલમ ૩(૧) અને ૬(૧) હેઠળના જાહેરનામાની નકલો જાહેર કરવામાં આવે, ખેડૂતોને અપાયેલી નોટિસો, વાંધા અરજીઓ અને સુનાવણીનો રેકોર્ડ રજૂ કરવામાં આવે, વળતર નક્કી કરવાના હુકમ અને ચુકવણીના પુરાવા પણ આપવામાં આવે જેથી ૭/૧૨ માં થયેલ નોંધ અંગે માહિતી મળી શકે. તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ નોંધના આધારે કોઈપણ કાર્યવાહીને રોકવામાં આવે તેમજ ખેડૂતોની મિલકતો પર કોઈપણ કાર્યવાહી કરવામાં ન આવે.

### ડેડીયાપાડા સારીબાર ગામના યુવકે

# પ્રેમિકા સાથે બ્રેકઅપ બાદ અંગત ફોટો સોશિયલ મીડિયામાં વાઈરલ કરતા ફરિયાદ

રાજપીપળા ,તા.૧૪

ડેડીયાપાડાના સારીબાર ગામના યુવકનો પ્રેમિકા સાથે બ્રેકઅપ થયા બાદ પ્રેમિકાએ તેને મળવાની ના પડતા યુવતીને બદનામ કરવા અને માનસિક રીતે પરેશાન કરવા યુવતીના ઈન્સ્ટ્રાગ્રામ પર યુવતીના અંગત ફોટો વાઈરલ કરતા યુવક સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.યુવતીના ભાઈએ આ મામલે કહેવા જતા પ્રેમીએ એને જાનથી મારી નખવાની ધમકી આપી હતી. આ મામલે યુવતીએ ડેડીયાપાડા પોલીસ મથકમાં યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર ડેડીયાપાડાના સારીબાર ગામના બારી ફળીયામાં રહેતા સુમિત રાયસીંગ વસાવાનો (મૂળ મહારાષ્ટ્રના અક્કલકુવાના ચીખલી મોરામ્બા ગામનો વતની) ડેડીયાપાડા તાલુકાના એક ગામની એક યુવતી સાથે પ્રેમસંબંધ હતો. પરંતુ છેલ્લા ત્રણ મહિનાથી યુવતીએ પ્રેમસંબંધ તોડી નાખ્યો હતો.જો કે છતાં આ યુવક આ યુવતીનો વારંવાર સંપર્ક કરતો અને પુન:પ્રેમ સંબંધ બાંધવા દબાણ કરતો હતો.

યુવતીએ સુમિત વસાવાને પ્રેમસંબંધ રાખવાની ચોખ્ખી ના પાડી દેતા જેની રીશ રાખી યુવતીને બદનામ કરવા તેની પાસેના પહેલાના યુવતીના અંગત ફોટો યુવતીના ઈન્સટ્રાગ્રામ પર તેના આઈડી પાસવર્ડનો ઉપયોગ કરી સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધા હતા.જેથી પોલીસે આ બાબતે યુવાન સુમિત રાયસીંગ વસાવા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**દસ્તાવેજ ગુમ થયેલ છે.**

**જાહેર નોંધ/ઘોષણા અત્રે જાહેર કરવામાં આવે છે કે દસ્તાવેજ નં. BRA-1-175/2012, BRA-1/7169/2012 સંબંધિત મિલકતનું સર્ચ રિપોર્ટ સંપૂર્ણ પણે ચકાસવામાં આવેલ છે. તે દરમિયાન ઉપરોક્ત દસ્તાવેજમાં વર્ણવેલ મિલકત ઉપર કોઈપણ પ્રકારનો મોર્ગેજ, બોજો, ચાર્જ નોંધાયેલ હોવાનું જણાયું નથી.** જેથી તે મિલકત અમોએ અવેજ ચૂકવી આપી ને વેચાણ રાખેલ છે જેનો પ્રત્યક્ષ કબજો આજ રોજ અમારી પાસે છે. વધુમાં, દસ્તાવેજ નં. BRA-1-175/2012, BRA-1/7169/2012 નો અસલ મૂળ દસ્તાવેજ અમારા અગાઉના માલિક ની ઓફિસમાં આગ લાગવાના બનાવને કારણે ઉપરોક્ત અસલ દસ્તાવેજનો નાશ થયેલ છે અથવા મળી આવતો નથી તેમ જણાવેલ છે જેના કારણે હાલ તે અસલ દસ્તાવેજ ઉપલબ્ધ નથી.

**લી. નીરવ અરૂણકુમાર પરીખ**
F.F.19, પુષ્પકુંજ એપાર્ટમેન્ટ,
કારેલીબાગ, વડોદરા.

**CHANGE OF NAME**

I Sarfaraj Haji Yunus Dhorajiwala. I have changed my minor son name from **Dhorajiwala Mohmmed Saad** to **Dhorajiwala Mohmmed Saad Sarfaraj**

**Address** - Sulemani pole, Nr.Bakari pole, Mogalwada, Vadodara -390017

**CHANGE OF NAME**

I have changed my name from **Mohmmed Sarfraj Dhorajiwala** to **Sarfaraj Haji Yunus Dhorajiwala.**

**Address** - Sulemani pole, Nr.Bakari pole, Mogalwada, Vadodara -390017

**મારૂ નામ**
**કુરેશાબહેન શબીરહુસેન વાઘેલા**
**હતુ બદલીને**
**કુરેશા શબ્બીરભાઈ વાઘેલા**
**રાખેલ છે.**
**એ–૫૩, વાલીસ પાર્ક,**
**મધુનગર, ગોરવા, વડોદરા.**

**CHANGE OF NAME**

I have changed my name from **Rizwana Mohmmed Sarfraj Dhorajiwala** to **Rizwana Sarfaraj Dhorajiwala.**

**Address** - Sulemani pole, Nr.Bakari pole, Mogalwada, Vadodara -390017

**યૂનિયન બૈંક Union Bank of India**

**યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, ભરૂચ આઈ શાખા, પૃથ્વી નગર સ્ટેશન રોડ, ભરૂચ ૩૯૨૦૦૧**

**નિયમ ૮(૧) કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)**

નીચે સહી કરનારે **યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, ભરૂચ-આઈ શાખા (૩૧૦૮૦)** ના અધિકૃત અધિકારી તરીકે સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (દ્વિતીય) એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ નો ૫૪) હેઠળ અને સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાતી કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને **તા. ૦૨.૦૫.૨૦૨૬ ના રોજ** માંગણા નોટીસ જારી કરીને **શ્રી સંતોષકુમાર હરીકેશ કુશવાહ (દેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૧૪,૯૨,૯૩૯.૮૪ (રૂપિયા ચૌદ લાખ બાણું હજાર નવસો ઓગણચાલીસ અને ચોર્યાસી પૈસા પુરા)** અને વ્યાસ વગેરે કથિત નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવ્યું હતું.

દેવાદાર રકમની પરત ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, અહીં દેવાદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે નિયમ ૮ સાથે વંચાતી કથિત કાયદાની કલમ ૧૩(૪) હેઠળ તેમને/તેણીને મળેલી સત્તાની રૂએ અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો **૧૩મી જુલાઈ, ૨૦૨૬ ના રોજ** લઈ લીધો છે.

ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકત સાથે કોઈપણ વ્યવહાર કરવો નહી અને મિલકત સાથે કરાયેલા કોઈપણ વ્યવહારનો ચાર્જ **યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની** બાકી રકમ **રૂા. ૧૪,૯૨,૯૩૯.૮૪ (રૂપિયા ચૌદ લાખ બાણું હજાર નવસો ઓગણચાલીસ અને ચોર્યાસી પૈસા પુરા)** અને વ્યાજને આધિન રહેશે.

**દેવાદારનું ધ્યાન કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ તરફ આકર્ષિત કરવામાં આવે છે, જે દેવાદારને સુરક્ષિત સંપત્તિઓ પરત કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં છે.**

**સ્થાવર મિલકતનું વર્ણન**

સુરત જિલ્લા, સબ-ડિસ્ટ્રિક્ટ માંગરોળ, મોજે ગામ હથુરન, આર.એસ. નં. ૭૩૭, ૭૩૮, ૭૩૯, એન.એ. ખાતે આવેલી મિલકતના તમામ ટુકડાઓ અને ભાગો કુલ ૧-૬૦-૦૦ "ડિવાઇન વિલા" પ્લોટ નં. ૨૪, કુલ માપનો વિસ્તાર ૭૫.૦૯ ચોરસ મીટર, વરાડે જમીન: ૨૪.૭૭ ચોરસ મીટર ત્યારબાદ તેના પર બનાવેલ/સ્થાપિત અને નીચે મુજબ સીમા ધરાવતા મકાન અને નિશ્ચિત માળખાના બાંધકામ સાથે: **પૂર્વ:-** સંલગ્ન પ્લોટ નં. ૭૪, **પશ્ચિમ:-** સંલગ્ન સોસાયટી રોડ, **ઉત્તર:-** સંલગ્ન પ્લોટ નં. ૨૫, **દક્ષિણ:-** સંલગ્ન બ્લોક

**તારીખ : ૧૩.૦૭.૨૦૨૬**
**સ્થળ : સુરત**
**નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.**
**અધિકૃત અધિકારી**
**યુનિયન બેંક ઓફ ઈન્ડિયા**

**IDBI BANK**

**રજીસ્ટર્ડ ઓફિસ: આઈડીબીઆઈ ટાવર, વર્લ્ડ ટ્રેડ સેન્ટર કોમ્પલેક્ષ, કફ પરેડ, મુંબઈ-૪૦૦૦૦૫.**
**સીઆઈએન: L65190MH2004GOI148838**

**પરિશિષ્ટ-IV, (નિયમ ૮(૧) જુઓ) કબજા અંગેની નોટીસ (સ્થાયી મિલકત માટે)**

જ્યારે સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨નો ૫૪મો) અન્વયે **આઈડીબીઆઈ બેંક લીમીટેડ,** નાં ઓથોરાઈઝડ ઓફિસરે કલમ ૧૩(૧૨) ની સાથે વંચાતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ મળેલી સત્તાની રૂએ, **તારીખ ૦૨.૦૩.૨૦૨૬ ના રોજ માંગણા નોટીસ** મોકલી **શ્રીમતી પલક ભાવીનકુમાર શાહ** ને નોટીસમાં જણાવેલ **રૂપિયા ૩૧,૦૫,૭૬૮.૦૦ (અંકે રૂા. એકત્રીસ લાખ પાંચ હજાર સાતસો અડસઠ પુરા) તા. ૧૦.૦૨.૨૦૨૬ સુધી સાથે નોટીસમાં જણાવેલ તેનાપરનું આગળનું વ્યાજ સાથે** સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવા જણાવ્યુ હતું.

કરજદાર પરત ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, આથી કરજદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નિમ્નનિર્દિષ્ટ અધિકૃત અધિકારીએ નીચે દર્શાવ્યા મુજબની મિલકતનો તેઓને મળેલ સત્તાની રૂએ સદર એક્ટની કલમ ૧૩ની પેટા કલમ(૪)ની સાથે વંચાતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ નં. ૮ હેઠળ તા. ૦૯.૦૭.૨૦૨૬ ના રોજ **સાંકેતિક કબજો** મેળવેલ છે.

આથી ખાસ કરીને કરજદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને નીચે જણાવેલ મિલકત અંગે કોઈપણ વ્યવહાર નહી કરવા ચેતવણી આપવામાં આવે છે અને આ મિલકત અંગેના કોઈપણ વ્યવહાર **આઈડીબીઆઈ બેંક લીમીટેડ,** ના બાકી નીકળતા **રૂપિયા ૩૧,૦૫,૭૬૮.૦૦ (અંકે રૂા. એકત્રીસ લાખ પાંચ હજાર સાતસો અડસઠ પુરા) તા. ૧૦.૦૨.૨૦૨૬ સુધી સાથે તેના પરના આગળનું વ્યાજ વત્તા ચાર્જીસ** ને આધીન રહેશે.

**ગીરવે રાખેલ સુરક્ષીત અસ્ક્યામતો આપેલા સમયમાં છોડાવવા અંગે કરજદારનું કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઈ તરફ ધ્યાન દોરવામાં આવે છે.**

**મિલકતનું વર્ણન**

સ્થાઈ મિલકત, ફ્લેટ નં. ૪૦૪, બીલ્ટઅપ વિસ્તારનું ક્ષેત્રફળ ૯૪૪ ચો.ફૂટ, ટાવર-એફ, ચોથા માળે, શ્રીજી ગોલ્ડ, સીકે પ્રજાપતિ સ્કૂલ પાસે, સોના અને બંધન પાર્ટી પ્લોટ સામે, સુભાનપુરા-લક્ષ્મીપુરા રોડ, પંચવટી ગોરવા, વડોદરા-૩૯૦૦૧૬, ગુજરાત રાજ્ય ખાતે આવેલ મિલકત. ચતુર્સીમા: પૂર્વ: બીલ્ડીંગ માર્જીન, પશ્ચિમ: બીલ્ડીંગ ઓટીએસ, ઉત્તર: ટાવર-એફ-ફ્લેટ નં. ૪૦૩, દક્ષિણ: બીલ્ડીંગ માર્જીન.

**પૃથ્વી સાથે જોડાયેલ અથવા પૃથ્વી સાથે જોડાયેલ કોઈપણ વસ્તુ સાથે કાયમી રીતે જોડાયેલ તમામ ઈમારતો અને સ્ટ્રક્ચર અને તમામ પ્લાન્ટ અને મશીનરી સાથે.**

**તા. ૦૯.૦૭.૨૦૨૬, સ્થળ: વડોદરા** **સહી/- અધિકૃત અધિકારી, આઈડીબીઆઈ બેંક લી.**

**નોંધ: (વિવાદની સ્થિતીમાં અંગ્રેજી આવૃતિને માન્ય રાખવામાં આવશે.)**

**બાન્કો પ્રોડક્ટસ (ઈન્ડિયા) લિમિટેડ**

રજી. ઓફીસ : બીલ, ભાયલી રેલ્વે સ્ટેશનની પાસે, પાદરા રોડ,
જિલ્લો : વડોદરા - ૩૯૧૪૧૦. ફોન નં. : (૦૨૬૫) ૨૩૧૮૨૨૬
ઈ-મેલ : investor@bancoindia.com • વેબસાઈટ : www.bancoindia.com
CIN : L51100GJ1961PLC001039

**સૂચના**

**[હકંપનીના ઈક્વીટી શેયર્સનું ઈન્વેસ્ટર એજ્યુકેશન અને પ્રોટેકશન ફંડના (આઈઈપીએફ) ખાતે હસ્તાંતરણ]**

આ સૂચના ઈન્વેસ્ટર એજ્યુકેશન અને પ્રોટેકશન ફંડ ઓથોરીટી (એકાઉન્ટીંગ, ઓડીટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) રૂલ્સ ૨૦૧૬ (ધી રૂલ્સ) અને તેમાં વખતો વખત થયેલ સુધારા અનુસાદની જોગવાઈઓને આધીન આપવામાં આવે છે. સંબંધિત રૂલ્સમાં, એવા તમામ શેયર્સ જેના સંદર્ભમાં સંબંધિત શેયરધારકો દ્વારા સહિત સાત કે તેથી વધુ સમય વર્ષથી મળવાપાત્ર ડિવિડન્ડ લેવામાં આવ્યુ નથી કે કલેઈમ કરવામાં આવ્યુ નથી, એવા શેયર્સનું ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (આઈઈપીએફ) ના ડિમેટ ખાતામાં ("આઈઈપીએફ ડિમેટ એકાઉન્ટ") હસ્તાંતરણ કરવાની જોગવાઈ છે.

રૂલ્સમાં નિર્ધારીત કરવામાં આવેલી વિવિધ આવશ્યકતાઓ પ્રમાણે, વ્યક્તિગત રીતે, સંબંધિત નિયમો હેઠળ જેમના શેયર્સ આઈઈપીએફ ડિમેટ એકાઉન્ટમાં હસ્તાતરીત કરવાને પાત્ર છે, એવા શેરહોલ્ડરોને યોગ્ય પગલાં લેવા સુચિત કરવામાં આવે છે.

કંપનીએ આવા શેરધારકોની નામ અને ફોલીયો નંબર / ડીપી આઈડી કલાઈન્ટ ડીપી ઈત્યાદિ વિગતો ધરાવતી યાદી વેબ લીંક http://www.bancoindia.com/investor-relations/. પર મૂકી છે. શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ વિગતો ચકાસી લેવા અને આવા દાવો ન કરેલા ડિવિડન્ડમાં ઝડપથી દાવો કરે.

એવા સંબંધિત શેરધારકો કે જેઓ તેમના શેયર્સ ફિઝીકલ ફોર્મમાં ધરાવે છે અને તેમના શેયર્સ આઈઈપીએફ - ડીમેટ એકાઉન્ટ ખાતે લઈ જવાને પાત્ર છે, તેઓ નોંધ કે નિયમો પ્રમાણ કંપની તેમના દ્વારા ધારણ કરવામાં આવેલા શેર્સના મૂળ પ્રમાણપત્રોના વિકલ્પે ડુપ્લીકેટષ શેર (સ) પ્રમાણપત્રો જારી કરશે જેથી આ શેર્સનું આઈઈપીએફ ડીમેટ એકાઉન્ટ ખાતે લઈ જઈ શકાય અને આવું થવાથી તેમના નામે નોંધયેલા મૂળ શેર સર્ટીફીકેટ (સ) આપોઆપ રદ અને વ્યવહાર (ડીલીંગ) માટે નકામ થઈ જશે. ડિમેટ ફોર્મમાં શેર ધરાવતા શેરહોલ્ડર્સ સંબંધે, કંપની સંબંધિત ડિપોઝિટરી કોર્પોરેટ એકશન દ્વારા માહિતગાર કરશે જેથી તેમના ડિમેટ ખાતામાં રહેલા શેરો આઈઈપીએફ ડિમેટ ખાતાના હકમાં ટ્રાન્સફર કરી શકાય. શેરધારકો વધુમાં નોંધ લે કે કંપનીએ વેબસાઈટ પર તેમને લગતી જે વિગતો પ્રકાશીત કરી છે એ વિગતોને જ કંપની દ્વારા મૂળને બદલે ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ(સ) જારી કરવા માટેની નોટીસ તરીકે આપવામાં આવશે જેનો આશય નિયમો પ્રમાણે આવા શેર્સને આઈઈપીએફ ડિમેટ એકાઉન્ટ ખાતે લઈજવાનો છે.

જો આ બાબતમાં કંપનીને સંબંધિત શેરધારકો પાસેથી ૩૦મી ઑક્ટોબર, ૨૦૨૬ સુધીમાં અથવા લેવાયેલી અન્ય કોઈ તારીખ સુધીમાં કોઈ પ્રત્યુત્તર નહીં મળે તો, કંપની નિયમોમાં દર્શાવેલી જોગવાઈઓ પ્રમાણે ડયુડેટના રોજ તેમાન સંબંધિત શેર્સ આઈઈપીએફ ડીમેટ એકાઉન્ટ ખાતે લઈ જશે અને આ બાબતમાં એ પછી કંપનીની કોઈ જવાબદારી નહીં રહે. શેરધારકોએ પણ નોંધ લે કે એ પછી આઈઈપીએફ ડીમેટ એકાઉન્ટ ખાતે લઈ જવાયેલુ તેમને મળવાપાત્ર પણ માંગેલુ ડિવિડન્ડ અને હસ્તાંતરીત શેર્સ અને તેના સંદર્ભમાં મળવાપાત્ર થાત કોઈપણ વિગતો સંબંધિત શેરધારકો દ્વારા ફક્ત આઈઈપીએફ ઓથોરીટી પાસેથી જ આઈઈપીએફ-૫ હેઠળ દર્શાવેલ નિર્ધારીત ઈ-ફોર્મમાં અરજી કરીને પરત માંગી શકાશે.

જો આ બાબતમાં અને નિયમો શેરધારકોને કોઈપણ શ્રદ્ધા હોય તો તેઓ કંપનીનો (ઈ-મેઈલ : investor@bancoindia.com) અથવા કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ મે/સ એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિમિટેડ (અગાઉ લિંક ઈનટાઈમ પ્રા. લિમિટેડ તરીકે ઓળખાતું હતું), યુનીટ-બાન્કો પ્રાડક્ટસ (ઈન્ડિયા) લિમિટેડ, "ગીતાકુંજ" ૧, ભક્તિ નગર સોસાયટી, એ.બી.એસ. ટાવરની પાછળ, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૧૫. ટેલી. નં.: (૦૨૬૫) ૩૫૬૬૭૬૮, ઈ-મેઈલ : Investor.helpdesk@in.mpms.mufg.com થી સંપર્ક કરી શકે છે.

સ્થળ : બીલ
તારીખ : ૧૪.૦૭.૨૦૨૬

**વતી બાન્કો પ્રોડક્ટસ (ઈન્ડિયા) લિમિટેડ**
**કંપની સેક્રેટરી**

આ સૂચના કંપનીની વેબસાઈટ www.bancoindia.com ના ઈન્વેસ્ટર સેકશન તેમજ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com ના કોર્પોરેટ એનાઉન્સમેંટ સેકશનમાં જોઈ શકાશે.